# રાજકોટ મહાનગરપાલિકા

ડો. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧

-: અખબારી યાદી:

# મહાનગરપાલિકા દ્વારા ધનવંતરી રથનો પ્રારંભ: શહેરના કન્ટેઇનમેન્ટ ઝોન અને ગીચતા ધરાવતા વિસ્તારોમાં રોગપ્રતિકારક શક્તિ વધારતા ઉકાળા વિતરણ કરશે

તારીખ: ૦૧-૦૭-૨૦૨૦



હાલ કોરોના વાઇરસ મહામારી ચાલી રહી છે, આ વાઇરસને માત આપવા માટે માનવ શરીરમાં રોગપ્રતિકારક શક્તિ વધુ પ્રમાણમાં હોવી જરૂરી છે. તે બાબતને ધ્યાને લઇ રાજ્ય સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આજે તા. ૦૧-૦૭-૨૦૨૦ ના રોજ સેન્ટ્રલ ઝોન કચેરી ખાતેથી કુલ ૧૫ ધનવંતરી રથનું માન. મેયરશ્રી બિનાબેન આચાર્ય, ભાજપ શહેર પ્રમુખશ્રી કમલેશભાઈ મીરાણી, ભાજપ અગ્રણી શ્રી નીતિનભાઈ ભારદ્વાજ, મ્યુનિ. કમિશનરશ્રી ઉદિત અગ્રવાલ, શાસક પક્ષના નેતાશ્રી દલસુખભાઈ જાગાણી, આરોગ્ય સમિતિના ચેરમેનશ્રી જયમીનભાઇ ઠાકર, વિગેરેના વરદ હસ્તે લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું. આ અવસરે નાયબ કમિશનરશ્રી બી. જી. પ્રજાપતિ, આરોગ્ય અધિકારી શ્રી ડો. રીન્કલ વીરડીયા, નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડો. પંકજ રાઠોડ, નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડો. ભૂમિબેન પીપળીયા તેમજ શાસક પક્ષના કાર્યાલય મંત્રી શ્રી જયંતભાઈ ઠાકર ઉપસ્થિત રહ્યા હતા.

આજથી શરુ કરાવેલ ૧૫ ધનવંતરી રથ દ્વારા શહેરના કન્ટેઇનમેન્ટ ઝોન અને ગીચતા ધરાવતા વિસ્તારોમાં રોગપ્રતિકારક શક્તિ વધારતા ઉકાળા નું વિનામુલ્યે વિતરણ કરવામાં આવશે. તેમજ દરેક રથમાં થર્મલ ગન અને પલ્સ ઓકસીમીટર દ્વારા સ્ક્રીનીંગ કરવાની કામગીરી પણ કરવામાં આવશે. પ્રસ્થાન સમયે તમામ લોકોને આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ રથ મારફત શહેરમાં કોરોના અંગેની જાગૃતતા માટે પ્રચાર-પ્રસારની કામગીરી પણ કરવામાં આવશે. જો કોઇ શંકાસ્પદ લક્ષણો ધરાવતા દર્દી માલુમ પડશે તો તેને વહેલીતકે વધુ સારવાર આપવામાં આવશે અને તેનું ટેસ્ટીંગ પણ કરવામાં આવશે.

આ કાર્યક્રમની સંપૂર્ણ કામગીરી આરોગ્ય સમિતિના ચેરમેનશ્રી જયમીનભાઈ ઠાકરના માર્ગદર્શન હેઠળ આરોગ્ય અધિકારીશ્રી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી તેમજ આરોગ્ય શાખાના તમામ સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.

(જન સંપર્ક અધિકારી)

રાજકોટ મહાનગરપાલિકા